અપીલ અરજી નં.૬૬૭ તા.૦૫–૩–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયા
સામાવાળાઃ– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી
સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયાની તા.૨–૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) લીંબાયતઝોન અને સેન્ટ્રલઝોનમાં રસ્તાને રીકાર્પેટ કેટલા સમય પછી કરવામાં આવે છે (૨)હાલમાં કયા કયા વિસ્તારમાં રીકાર્પેટની કામગીરી કરવામાં આવી રહી છે (૩) કઈ કઈ સોસાયટીમાં તેમજ કઈ કઈ શેરીમાં તેના નામ જણાવવા વિ. મુદ્દા નં. (૧)થી (૧૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૫–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૬૭/૨૦૧૧–૧૨

શ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયાની તા.૨–૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) લીંબાયતઝોન અને સેન્ટ્રલઝોનમાં રસ્તાને રીકારપેટ કેટલા સમય પછી કરવામાં આવે છે (૨) હાલમાં કયા કયા વિસ્તારમાં રીકારપેટ ની કામગીરી કરવામાં આવી રહી છે (૩) કઈ કઈ સોસાયટીમાં તેમજ કઈ કઈ શેરીમાં તેના નામ જણાવવા વિ. મુદ્દા નં. (૧)થી (૧૨)ની માહિતી આપવા બાબતે વીજીલન્સ એન્ડ. ઈન્સ્પે. ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(વીજીલન્સ વિભાગ)ના પત્ર નં. વીઆઈ ડી/૨૦૮૫ તા. ૨–૨–૧૨ થી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૫–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી અંગે દફતરી વિગતો સ્પષ્ટ કરવા તથા અરજદારે રીપોર્ટ શું છે માંગેલ તે સામે તેની નકલ આપેલ કે કેમ ? તે સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૯૯૪ તા. ૧૫–૩–૧૨ થી** ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) , વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી, સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારનેપક્ષકાર જાહેર માહિતી અધિકારી સ્પષ્ટ કરી મુદ્દાવાર નારાજગી આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૨૭૨૯ તા.૨૨–૩–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/લીંબાયત/આ.નં.૨૮૯૩ તા.૫–૧–૧૨ થી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, જાહેર માહિતી અધિકારી વીજીલન્સને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં. સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૧૭૭ તા.૩૧–૧–૧૨ ના પત્રની નકલ , મ્યુ. કમિ.શ્રીની સીએન./૧૮૧ તા.૬–૯–૦૭ ની નોંધની નકલ, સેન્ટ્રલઝોનના ઉતતર તેમજ દક્ષિણ વિભાગના રસ્તા કારપેટ/રીકારર્પેટ કર્યાની તારીખ, લંબાઈપ, પહોળાઈ તથા ક્ષેત્રફળ તથા કુલ ખર્ચની વિગતો દર્શાવતું સને ૨૦૦૬–૦૭ થી ૨૦૧૦–૧૧ સુધીના ના વાર્ષિક વહીવટી અહેલાલના પત્રકની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/આ.નં.૬૦ તા.૭–૪–૧૨ થી પૂરક વિગતોમાં લીંબાયતઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ , મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.વીઆઈડી/૨૦૮૫ તા.૨–૨–૧૨ ના પત્રની નકલ, એકનોલેજમેન્ટ સ્લીપની નકલ, ટેસ્ટીંગ રીપોર્ટની નકલ, વીજીલન્સ તરફથી કરવામાં આવેલ લીંબાયતઝોન તેમજ સ ેન્ટ્રલઝોનના હાજરી તેમજ સ્ટોક ચેક અંગેના રીપોર્ટ ની નકલ, તેમજ તપાસ રીપોર્ટની નકલ, અરજદારને વીઆઈ ડી/૫૮ તા.૭–૪–૧૨ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨–૧–૧૨ની અરજીથી લીંબાયતઝોન તથા સેન્ટ્રલઝનના રસ્તા રીકારર્પેટ તથા ડ્રેનેજ સુવિધાઓ અને ફુટપાથ તેમજ વીજીલન્સ વિભાગના ચેકીંગ રીપોર્ટ વિગેરે બાબતેની મુદ્દા નં.૧ થી ૧૨ ની માહિતી માંગતી અરજી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જે લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/ લીંબાયત/ આ.નં.૨૮૯૩ તા.૫–૧–૧૨

થી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, જાહેર માહિતી અધિકારી વીજીલન્સને નિયત સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૧૭૭ તા.૩૧–૧–૧૨ થી નિયત સમય અવધિના છેલ્લા દિવસે અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/૨૦૮૫ તા.૨–૨–૧૨ તથા પત્ર નં.વીઆઈડી/૫૮ તા.૭–૪–૧૨ થી અરજદારને સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ છે. જેમા અરજદારના અરજીના મુદ્દા નં. (૧) લીંબાયતઝોન અને સેન્ટ્રલઝોનમાં રસ્તાને રીકાર્પેટ કેટલા સમય પછી કરવામાં આવે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મે. કમિ.શ્રી નો નોંધ નં.સી.એન/૧૦૧ તા.૬–૯–૦૭ અન્વયે રસ્તા કાર્પેટ/રીકાર્પેટ અંગેની કામગીરી કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં. (૨) હાલમાં કયા કયા વિસ્તારમાં રીકારપેટ ની કામગીરી કરવામાં આવી રહી છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોન ઉત્તર વિભાગ તથા દક્ષિણ વિભાગ વિસ્તારમાં ૨૦૫ રસ્તા મજુર કરવામાં આવેલ છે જેના પાના નંગ–૨ ના રૂા.૨/– લેખે કુલ રૂા.૪/– ભર્યેથી માહિતી પ્રાપ્ત થશે. મુદ્દા નં.(૩) કઈ કઈ સોસાયટીમાં તેમજ કઈ કઈ શેરીમાં તેના નામ જણાવવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોન ઉત્તર વિભાગ તથા દક્ષિણ વિભાગ વિસ્તારમાં ૨૦૫ રસ્તા મજુર કરવામાં આવેલ છે જેના પાના નંગ–૨ ના રૂા.૨/– લેખે કુલ રૂા.૪/– ભર્યેથી માહિતી પ્રાપ્ત થશે. મુદ્દા નં.(૪) રીકારપેટ કરવામાં આવેલા રસ્તાની લંબાઈ કેટલા મીટર તેમજ પહોળાઈ કેટલા મીટરની છે. તેમજ જાડાઈ કેટલા ઈંચની છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હાલમાં ટેન્ડરમાં રેલ૧૯૪૦૯.૯૯૨ મી. રસ્તા જુદી જુદી પહોળાઈ અને જાડાઈના બનાવવામાં આવ્યા છે આ અંગેના રજીસ્ટરની ચકાસણી તા.૪–૨–૧૨ ના રોજ સાંજે ૫.૦૦ કલાકે સેન્ટ્રલઝોન કચેરી પ્રથમ માળ રોડ વિભાગમાં રૂબરૂ આવીને કરી શકો છો જેના અડધા કલાક સુધી ફ્રી ઓફ ચાર્જ અને ત્યાર બાદ દર ૩૦ મીનીટ દીઠ રૂા.૨૦/– લેખે ચાર્જ જમા કરાવવાનો રહેશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૫) સને ૨૦૦૫ થી સને ૨૦૧૧ સુધીમાં કેટલી વાર રસ્તા રીકારપેટ કરવામાં આવ્યા છે અને કયા કયા વિસ્તારમાં કઈ કઈ સોસા.માં તેમજ કઈ કઈ શેરીમાં તે જણાવવું. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોન વિસ્તારમાં સને ૨૦૦૫ થી ૨૦૧૧ સુધીમાં રીકાર્પેટ થયેલ રસ્તાઓની વિગત જાણવા માટે પાના નંગ–૪૨ ના રૂા.૨/– લેએ કુલ રૂા.૮૪/– જમા કરાવ્યેથી માહિતી ઉપલબ્ધ થશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ વીજીલન્સ વિભાગે જાન્યુ. ૨૦૧૧ થી ડીસે. ૨૦૧૧ સુધીમાં લીંબાયતઝોન અને સેન્ટ્રલઝોનમાં કેટલીવાર ચેકીંગ કરવામાં આવ્યું છે અને કયાં કયાં ખાતામાં તેનો રીપોર્ટ શું છે તે જણાવો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ અરજી સાઉથ ઈસ્ટ (લીંબાયત) ઝોન ધ્વારા પત્ર નં.૨૮૯૩ તા.૫–૧–૧૨ થી તબદીલ કરેલ હોવાનું જણાય છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૭) મોજે ગોડાદરા સર્વે નં.૭૫/૨, ૭૬/૧, બ્લોક નં.૮૧ નોંધાયેલ સ્વામીનારાયણ નગરના રસ્તા કયારે રીકારપેટ કરવામા આવ્યા છે હાલમાં સોસા.ના રસ્તા ઘણા જ ખરાબ છે માટે તાકીદે રસ્તા કાર્પેટ કરવા જો હાલમાં રસ્તા રીકાર્પેટ થઈ શકે એમ નહી હોય તો બુલડોઝરથી રસ્તાનું લેવલીંગ કરીને રોલર મશીનથી રસ્તો સરખો કરવો જોઈએ આ સોસા.ના લોકો પાસેથી વેરા વસુલાત કરવામાં આવી રહયા છે તો આ રસ્તાની સુવિધા આપવી પડશે. નહી તો સોસા.ના લોકો વેરા ભરવાનું બંધ કરી દેશે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનને લાગુ પડતું નથી જેથી માહિતી આપવાની રહેતી નથી. તેવું જણાવેલ છે. આ મુદ્દે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી કોઈ માહિતી આપ્યાનું જણાતું નથી. પરંતુ કાર્યવાહીને લગતી વિગત જણાય છે. મુદ્દા નં.૮ રસ્તાનું રીકારપેટ થયા પછી કેટલા સમયમાં મેનહોલ રસ્તાના લેવલથી કરવામાં આવે છે હાલમા ઘણી જગ્યાએ ડ્રેનેજનો મેનહોલ રસ્તાને લેવલથી નીચા અથવા ઉંચા રહી ગયા છે તે બરાબર કરવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોન વિસ્તારમાં રસ્તાઓ રીકાર્પેટ થયા બાદ દિન–૩ માં અથવા અગત્યના ધોરણે તુરંત મેનહોલ રોડ લેવલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૯) ફુટપાથનો ઉપયોગ ફકત દુકાનદારો જ કરી રહયા છે માટે લીંબાયતઝોન અને સેન્ટ્રલઝોનમાંથી ફુટપાથ દુર કરી દેવા જોઈએ. જો ફુટપાથ દુર કરવામાં આવશે તો રસ્તાઓ ૪ થી ૬ ફુટ પહોળા થશે અને ફુટપાથ રીસેટ કરવામાં જે ખર્ચ થાય છે તે બચશે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે તમોએ કોઈ માહિતી માંગેલ નથી જેથી માહિતી આપવાની રહેતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૧૦) આંજણા ફાર્મ પાસે જે ફુટપાથ છે તે અડધી ફુટપાથ કાઢી નાંખી છે તેના કારણે રસ્તો પહોળો થયો છે તો બાકી છે તે ફુટપાથ પણ કાઢી નાંખવી જોઈએ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનને લાગુ પડતું નથી જેથી માહિતી આપવાની રહેતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં. (૧૧) લીંબાયતઝોનમાં ઘણા રસ્તાઓ ઉપર ખાડા પડેલા છે કયારે પુરવામાં આવશે આ જોવાની જવાબદારી કોની છે અને જેની જવાબદારી છે તેની સામે શું પગલા લેવામાં આવશે અને કયારે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનને લાગુ પડતું નથી જેથી માહિતી આપવાની રહેતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૧૨) સર્વે નં.૫૬ ગોપાલનગર સોસા.માં ૨૦૨ મકાન આવેલા છે તેમાં ડ્રેનેજ લાઈન અને રસ્તાની સુવિધા મેળવવા માટે આઈ.સી.ના નાણા મકાન પ્રમાણે કેટલા ભરવા પડે ડુંભાલ જુના પુણા જકાતનાકા પાસે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનને લાગુ પડતું નથી જેથી માહિતી આપવાની રહેતી નથી. તેવું જણાવેલ છે.

જયારે જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/૨૦૮૫ તા.૨–૨–૧૨ થી લીંબાયતઝોન તેમજ સેન્ટ્રલઝોન અંગેની માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૬ આ વિભાગને લાગત છે તે મુજબ લીંબાયતઝોન તેમજ સેન્ટ્રલઝોમાં જાન્યુ. ૨૦૧૧ થી ડીસે. ૨૦૧૧ સુધીમાં લીંબાયતઝોનમાં (બે) અને સેન્ટ્રલઝોનમાં (૨) વખત રસ્તા ચેકીંગ કરવામાં આવેલ છે તથા આજ સમયગાળા દરમ્યાન સેન્ટ્રલઝોન વિસ્તારમાં આવેલ વિવિધ કચેરીઓમાં કુલ–૩૯ વખત

તથા લીંબાયતઝોન વિસ્તારમાં ૯ વખત હાજરી તથા અન્ય ચેકીંગ કરવામાં આવેલ છે જે અન્વયે ક્ષતિ જણાયે સબંધિત ઝોનને ઘટિત કાર્યવાહી થવા સારું રીપોર્ટ મોકલવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે ક્ષતિ શું જણાય છે તે જણાવવાનું હતું તે જણાવ્યું નથી તેવો રીમાકર્સ આપેલ પ્રત્યુત્તરના પત્રમાં કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પૂરક વિગતોમાં પત્ર નં.વીઆઈડી/૫૮ તા. ૭–૪–૧૨ થી જાન્યુ.૨૦૧૧ થી ડીસે.૨૦૧૧ દરમ્યાન સેન્ટ્રલઝોન વિસ્તાર તથા લીબાયતઝોન વિસ્તારમાં કરવામાં આવેલ હાજરી તથા અન્ય ચેકીંગ અંગેના રીપોર્ટની નકલો અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. આમ અરજદારને સદર રીપોર્ટની નકલો પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી.

જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને સ્પર્શતા મુદ્દા નં. ૮, ૧૧ તથા ૧૨ની કોઈ માહિતી આપેલજણાતું નથી. કે ઈન્કાર માટે કોઈ અપવાદ જણાવેલ નથી. જે દફતરી વિગતે આપવા જોગ થાય. જયારે મુદ્દા નં. ૭, ૯ અને ૧૦ માં અરજદારે માત્ર સૂચન કરેલ છે. કોઈ માહિતી માંગયાનું સ્પષ્ટ થતું નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૦૫–૩–૧૨ ધ્યાને લેતાં ૦૩–૦૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૮–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨–૧–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન અને વીજીલન્સ તરફથી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તેઓ પૂરતી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો જાહેર મીહતી અધિકારી સેન્ટ્રલઝોનના પ્રસ્તાવ અનુસાર નિયત દસ્તાવેજ ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે."

જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન દ્રારા નહીં પૂરી પાડેલ મુદ્દા નં. ૮, ૧૧ તથા ૧૨ની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા સીટી. ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે. જયારે મુદ્દા નં. ૭, ૯, ૧૦ ના સૂચનો અંગે સક્ષમ સત્તનો સંપર્ક કરી અલાયદી કાર્યવાહી માટેની રજુઆત કરવા સ્વતંત્ર છે.

(સી.વાય.ભટ્ટ)
ડે.કમિશ્નર )
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી, સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયત ઝોન ) ...જાણ તથા અમલ માટે .

(૨) શ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયા,